# Royal Higher Secondary School - Dhoraji

**Std :- 12th** **Sub : ECONOMICS** **Date : 18-01-2025**

**Time :- 3:15 hours** **Round Test - 02** **Marks :- 100**

---

**નીચે આપેલા 1થી 20 હેતુલક્ષી પ્રશ્નો છે. આપેલા વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી ઉત્તર લખો :(પ્રત્યેકનો 1 ગુણ)[20]**

1. આંકડાકીય માહિતીને પ્રોસેસ કરવા માટેનો પ્રોગ્રામ કયો છે?

A). એક્સેલ શીટ B). આકૃતિ C). આલેખ D). પાવરપૉઈન્ટ પ્રેઝન્ટેશન

2. અર્થશાસ્ત્રના અભ્યાસમાં કેટલા પ્રકારની ટેક્નોલૉજી મદદરૂપ સાબિત થાય છે?

A). ત્રણ B). ચાર C). બે D). છ

3. "રાષ્ટ્રીય આવકનો વૃદ્ધિદર અથવા વસ્તુઓ અને સેવાઓના કુલ ઉત્પાદનના પ્રમાણમાં થતો વધારો એટલે આર્થિક વૃદ્ધિ." આ વ્યાખ્યા કોણે આપી છે?

A). પીગુએ B). હેન્સને C). માઈકલ ટોડેરોએ D). શ્રીમતી ઉર્સુલા હિક્સે

4. "વિકાસ એટલે વૃદ્ધિ વત્તા પરિવર્તન." આ વિધાન કોણે રજૂ કર્યું છે?

A). ટોડેરોએ B). જિરાલ્ડ મેયરે C). મેચલપે D). હેન્સને

5. ………………ફુગાવાને સંપૂર્ણપણે નાણાકીય ઘટના માને છે.

A). નાણાંવાદીઓ B). અર્થશાસ્ત્રીઓ C). રોકાણકર્તાઓ D). આંકડાશાસ્ત્રીઓ

6. નાણાકીય નીતિનાં પરિમાણાત્મક સાધનો કેટલાં છે?

A). 4 B). 5 C). 7 D). 8

7. RBI અન્ય બૅન્કો પાસેથી અત્યંત ટૂંકા સમયનું ધિરાણ લે તેના દરને શું કહેવાય?

A). રેપો રેટ B). બૅન્ક રેટ C). રિવર્સ રેપો રેટ D). ખુલ્લા બજારનો દર

8. ભારતમાં કઈ પંચવર્ષીય યોજનાથી ગરીબી નાબૂદી માટેની વ્યૂહરચના હેઠળ ખાસ કાર્યક્રમો અને યોજનાઓ શરૂ કરવામાં આવિ છે?

A). પાંચમી B). ચોથી C). ત્રીજી D). બીજી

9. આંતરરાષ્ટ્રીય ધોરણે નિરપેક્ષ ગરીબી નક્કી કરવાનું 2015ના વર્ષનું દૈનિક આવકનું ધોરણ કયું છે?

A). 1.90 ડૉલર B). 1.25 ડૉલર C). 1 ડૉલર D). 2.50 ડૉલર

10. અસરકારક માંગના અભાવે કયા પ્રકારની બેરોજગારી સર્જાય છે?

A). પ્રચ્છન્ન B). મોસમી C). ઘર્ષણજન્ય D). ચક્રીય

11. અર્થશાસ્ત્રમાં બેરોજગારી કયા સ્વરૂપે ગણતરીમાં લેવાય છે?

A). સ્વૈચ્છિક B). અનૈચ્છિક C). રાજકીય D). સક્રિય શ્રમ

12. વસ્તીવધારાની દૃષ્ટિએ ભારતમાં કયા વર્ષને 'મહાન વિભાજક વર્ષ' તરીકે ઓળખવામાં આવે છે?

A). 1951 B). 1921 C). 1931 D). 1915

13. 2011માં ભારતમાં દર 1000 પુરુષોએ સ્ત્રીઓનું પ્રમાણ કેટલું હતું?

A). 930 B). 950 C). 940 D). 970

14. નીચેનામાંથી કયા પાકનો સમાવેશ અનાજમાં થાય છે?

A). મગફળી B). બાજરી C). શેરડી D). કપાસ

15. વર્ષ દરમિયાન દેશની ભૌતિક અને અભૌતિક ચીજોની આયાત-નિકાસનું મૂલ્ય દર્શાવતા સરવૈયાને શું કહે છે?

A). વેપારતુલા B). હૂંડિયામણનો દર C). લેણદેણની તુલા D). વેપારનું કદ

16. નાણાકીય વર્ષ 2014-15માં ભારતની આયાતો અને નિકાસોમાં સૌથી વધુ ટકાવારી હિસ્સો વિશ્વના કયા પ્રદેશનો હતો?

A). યુરોપનો B). આફ્રિકાનો C). એશિયાનો D). નૉર્થ અમેરિકાનો

17. માલિકીના આધારે ઉદ્યોગોના કેટલા પ્રકાર છે?

A). બે | B). પાંચ | C). ત્રણ | D). ચાર

18. નીચેનામાંથી કયો ઉદ્યોગ સહકારી ક્ષેત્રનો ઉદ્યોગ છે?

A). દૂધની ડેરી | B). રેલવે | C). તેલ | D). સ્ટેટ ટ્રાન્સપોર્ટ

19.ભારતીય બંધારણે કઈ વય સુધીમાં બાળકોને પ્રાથમિક શિક્ષણ મફત અને ફરજિયાત ધોરણે પ્રાપ્ત થવું જોઈએ તેવું કહ્યું છે?

A). 4 - 14 વર્ષ | B). 5 - 15 વર્ષ | C). 6 - 14 વર્ષ | D). 7 - 15 વર્ષ

20.ભારતમાં સૌપ્રથમ તેલના ભંડારો ક્યાંથી પ્રાપ્ત થયા હતા?

A). ગુજરાતમાંથી | B). મહારાષ્ટ્રમાંથી | C). અસમમાંથી | આંધ્રપ્રદેશમાંથી

## વિભાગ B

**નીચે આપેલા 21થી 30 પ્રશ્નોના ઉત્તર અંક-બે વાક્યોમાં લખો: [પ્રત્યેકનો 1 ગુણ]** **[10]**

11. આકૃતિ તેમજ આલેખ ક્યા પ્રકારના વિતરણ માટે દોરવામાં આવે છે?
12. માથાદીઠ આવક એટલે શું? ઊંચી માથાદીઠ આવક શું સૂચવે છે?
13. NEFT તેમજ RTGSનું પૂરું નામ લખો.
14. વેપારી બૅન્કના ખાતાના પ્રકારો જણાવો.
25. સાપેક્ષ ગરીબી માપવા માટે કઈ કઈ પદ્ધતિઓનો ઉપયોગ થાય છે?
26. પ્રચ્છન્ન બેરોજગારી અને ઘર્ષણજન્ય બેરોજગારી કયા દેશમાં સવિશેષ જોવા મળે છે?
17. રોકડિયો પાક એટલે શું? તેનાં ઉદાહરણ આપો.
28. વિદેશવેપારનું સ્વરૂપ એટલે શું? તે કેવી રીતે નક્કી થાય છે?
29. જાહેર ક્ષેત્રના એકમોનું વર્ગીકરણ જણાવો.
30. આંતરિક સ્થળાંતર અને આંતરરાષ્ટ્રીય સ્થળાંતર કોને કહેવાય?

## <u>વિભાગ C</u>

**નીચે આપેલા 31થી 46 સુધીના 16 પ્રશ્નોમાંથી કોઈ પણ બાર પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર લખો : (પ્રત્યેકના 2 ગુણ)** **[24]**

31. અર્થશાસ્ત્રના અભ્યાસમાં કમ્પ્યુટર ટેક્નોલૉજીના ઉપયોગ તરીકે પાવરપોઈન્ટ પ્રેઝન્ટેશન સમજાવો.
32. ઈન્ટરનેટના ઉપયોગનાં ભયસ્થાનો જણાવો.
33. જીવનની ભૌતિક ગુણવત્તા માપવાના ઘટકો કેટલા છે? કયા કયા?
34. માનવવિકાસની દ્રષ્ટિએ વિશ્વના દેશોને કેટલા વિભાગોમાં વહેંચવામાં આવ્યા છે, તે જણાવો.
35. મૂલ્યના માપદંડ તરીકે નાણાંના કાર્યની ચર્ચા કરો.
36. વિનિમય પદ્ધતિના કોઈ પણ બે ફાયદાઓ જણાવો.
37. RBIની નાણાકીય નીતિનાં ગુણાત્મક સાધનોનાં માત્ર નામ જણાવો.
38. “મધ્યસ્થ બૅન્ક એ સરકારી બેન્ક છે.” સમજાવો.
39. 'જનધન યોજના'ની શરૂઆત ક્યારે થઈ અને તેની મુખ્ય વિશેષતા કઈ છે?
40. વિકસતા દેશોમાં તેમજ ભારતમાં સામાન્ય રીતે કેવા પ્રકારની બેરોજગારી જોવા મળે છે?

41. ચક્રીય બેરોજગારી તેમજ પ્રચ્છન્ન બેરોજગારી બીજાં ક્યાં નામથી ઓળખાય છે?
42. ભારતમાં શ્રમની ગતિશીલતા ઓછી હોવાનાં કારણો જણાવો.
43. ભારત માટે હૂંડિયામણનો દર વધે કે ઘટે, તો તેની શી અસર થાય છે?
44. પ્રતિકૂળ વેપારતુલા અને અનુકૂળ વેપારતુલાનો અર્થ જણાવો.
45. ઔદ્યોગીકરણથી કેવી રીતે સામાજિક માળખામાં ફેરફાર કરી શકાય?
46. આકર્ષણ સ્થળાંતર એટલે શું? ઉદાહરણ સહિત સમજાવો.

## વિભાગ D

**નીચે આપેલા 47થી 56 સુધીના 10 પ્રશ્નોમાંથી કોઈ પણ સાત પ્રશ્નોના મુદ્દાસર ઉત્તર લખો : (પ્રત્યેકના 3 ગુણ) [21]**

47. અર્થશાસ્ત્રમાં આકૃતિઓ અને આલેખોનું મહત્ત્વ સમજાવો.
48. આર્થિક વિકાસના નિર્દેશક તરીકે ભૌતિક ગુણવત્તાનો આંક પર ટૂંક નોંધ લખો.
49. માનવવિકાસ આંકના ઘટકો સમજાવો.
50. ગરીબીના સ્વાસ્થ્ય સંબંધિત નિર્દેશકો ચર્ચો.
51. ભારતમાં બેરોજગારી હલ કરવાના કોઈ પણ ત્રણ કાર્યક્રમોની ટૂંકમાં માહિતી આપો.
52. ભારતમાં ઊંચા જન્મદર માટેનાં કારણોમાં આર્થિક પરિબળો ચર્ચો.
53. ખેતક્ષેત્રમાં પાકના પ્રકારો યોગ્ય ઉદાહરણ સાથે સમજાવો.
54. વેપારતુલા અને લેણદેણની તુલા વચ્ચેનો તફાવત સ્પષ્ટ કરો.
55. ટૂંક નોંધ લખો: વિદેશવેપારમાં ભારતનો હિસ્સો.
56. ઔદ્યોગિક વિકાસ માટે સરકારે લીધેલા પગલા ચર્ચો.

## વિભાગ E

નીચે આપેલા 57થી 63 સુધીના 7 પ્રશ્નોમાંથી કોઈ પણ પાંચ પ્રશ્નોના વિસ્તારપૂર્વક ઉત્તર લખો: [પ્રત્યેકના 5 ગુણ] **[25]**

57. નાણાંના ઉદ્ભવ અને વિકાસ પર ટૂંક નોંધ લખો.
58. મૃત્યુદરનો અર્થ આપી, નીચા મૃત્યુદરનાં કારણો સમજાવો.
59. મૃત્યુદરનો અર્થ આપી, નીચા મૃત્યુદરના કારણો સમજાવો.
60. ભારતમાં 1966 દરમિયાન અપનાવેલ આધુનિક ખેતીના અભિગમની વિસ્તૃત ચર્ચા કરો.
61. ભારતમાં રેલવેના વિકાસ અંગે ટૂંક નોંધ લખો.
62.સ્થળાંતરનાં કારણો સમજાવો.
63. નીચે આપેલી આંકડાકીય માહિતીને સાદી સ્તંભ આકૃતિમાં રજૂ કરી તેનું વિશ્લેષણ કરો:

| વર્ષ | 1931 | 1961 | 1991 | 2001 | 2011 |
|---|---|---|---|---|---|
| દર 1000 પુરુષોએ સ્ત્રીઓની સંખ્યા (ગુજરાત) | 945 | 940 | 936 | 921 | 918 |

નોંધ: દષ્ટિહીન વિદ્યાર્થીઓએ માત્ર વિશ્લેષણ કરવું.

**BEST OF LUCK**